॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# સખીમંડળ અને મહિલા સશક્તિકરણ : એક અભ્યાસ

અનિલકુમાર.આર.ડામોર

❖ **સારાંશ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સખીમંડળ અને મહિલા સશક્તિકરણ એક અભ્યાસ જેમાં સશક્તિકરણ અને મહિલાઓની સ્થિતિ, આધુનિક યુગમાં મહિલાઓની સ્થિતિ, સ્વ-સહાય જૂથોનો પરિચય અને ઇતિહાસ, સ્વ-સહાય જૂથનું ભારતીય પરિદ્રશ્ય,સખીમંડળની રચના, મહિલા સશક્તિકરણ સખી મંડળનો ફાળો, સખીમંડળ દ્વારા મહિલાઓના સ્થાનમાં આવેલા પરિવર્તન વગેરે બાબતોના ખ્યાલ અભ્યાસના આધારે રજૂ કર્યા છે. સખીમંડળ/સ્વસહાય જૂથ એ ભારત જેવા વિકાસશીલ દેશોમાં ગરીબો દ્વારા તેમના પોતાના વિકાસ માટે ચાલતી પ્રક્રિયા છે. જેના દ્વારા જેમનો વિકાસ કરવાની જરૂર છે તેવા લોકો સ્વયં સક્રિય ભાગીદારી લઈ પહેલ કરે છે જેમાં તેમને જરૂરી માર્ગદર્શન અને સહાય અન્ય સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવે છે.

**મુખ્ય શબ્દો** સખીમંડળ, સ્વ-સહાય જૂથ, મહિલા સશક્તિકરણ, મહિલાઓની સ્થિતિ, પરિવર્તન

## 1. પ્રસ્તાવના

છેલ્લા ઘણા વર્ષોથી મહિલા સ્વસહાય જૂથના માધ્યમથી મહિલા સશક્તિકરણ ની પ્રક્રિયા ચાલી રહી છે. જે અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓના બચત જૂથ બનાવી તેમનો આર્થિક સશક્તિકરણનો પ્રયત્ન કરવામાં આવે છે. આ જૂથોને રાજકીય સશક્તિકરણ માટેના સાધન તરીકે પણ જોવામાં આવે છે. સખીમંડળ એ ગ્રામ્ય જૂથ આધારિત ચાલતી નાણાકીય મધ્યસ્થિ છે, જે સામાન્ય રીતે ૧૦-૧૨ મહિલાઓનું જૂથ રચાય છે, જૂથના સભ્યો નિયમિત ધોરણે એક નાની રકમની બચત કરે છે, ત્યાર બાદ થોડા મહિનાઓ સુધીમાં પૂરતું ભંડોળ એકઠું થતાં જૂથમાં તે વ્યાજથી ધિરવામાં આવે છે.આ ભંડોળ કોઈપણ હેતુસર જૂથના સભ્ય અથવા ક્યારેક ગામના અન્ય જૂથોને આપવામાં આવે છે. ભારતમાં ઘણાં એસ.એચ.જી

(Self-Help Group) લઘુ ધિરાણ માટે બેંકો સાથે સંકળાયેલા છે એચ.એસ.જી (Self-Help Group) એ સભ્ય આધારિત લઘુધિરાણ આપતા માધ્યમનું જૂથ છે.

ગુજરાત સરકારે ગ્રામ્ય વિસ્તારની ગરીબ બહેનોને સામૂહિક રીતે સંગઠિત કરી તેઓને આર્થિક રીતે પગભર કરી મહિલા સશક્તિકરણ નો અભિગમ દાખવ્યો છે.ગામડામાં રહેતી મહિલાઓ પોતે જ બચત કરે અને તેમાંથી આંતરિક ધિરાણ કરે બેંક પાસેથી લોન મેળવી અને આવક કમાણીનું સાધન તેમાંથી ઊભું કરી આર્થિક અને સામાજિક રીતે આગળ આવવાના હેતુથી ગુજરાત સરકાર દ્વારા તારીખ ૦૨/૦૨ /૨૦૦૭ થી સખીમંડળ યોજના અમલમાં મૂકેલ છે અને ૨૦૧૦માં સખીમંડળ યોજનાને વિશાળ રૂપ આપવામાં માટે તેને 'મિશન મંગલમ' યોજના સાથે જોડી દેવામાં આવી છે. આ મિશન મંગલમ યોજનાનો હેતુ રાજ્યમાં ચાલતા સખી મંડળને વધુ મજબૂત બનાવવા, જૂથ રચના કરી તેનો સર્વાંગી વિકાસ કરી અને ગરીબી રેખામાંથી બહાર લાવવાનો છે.

**2. મહિલા સશક્તિકરણ અને મહિલાઓની સ્થિતિ**

**૧) મહિલા સશક્તિકરણ**

'જ્યારે સ્ત્રીઓ આગળ વધે છે, ત્યારે વિશ્વ તેમની સાથે ચાલે છે'

મહિલા સશક્તિકરણ એટલે સ્ત્રીઓનું આત્મસન્માન, આત્મનિર્ભરતા અને આત્મવિશ્વાસનો સ્તર ઊંચું લઇ જવાનો પ્રયાસ. સ્ત્રી સશક્તિકરણનો ખ્યાલ સ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદ નેરોબી ખાતે ૧૯૮૫ માં યોજાઇ હતી, તેમાંથી ઉદ્ભવ્યો છે. આ પરિષદનો વિષય મહિલા વિકાસ અને ઉન્નતિ હતા. આ પરિષદમાં સામાજિક સત્તા, સાધનોનું નિયંત્રણ તથા સ્ત્રીઓના સંદર્ભમાં વ્યુહરચના ઘડવાનો હેતુ રાખવામાં આવ્યો હતો.

આર્થિક વિકાસ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા હોય, જીવન ધોરણમાં સુધારો કરવો હોય, ગૌરવપૂર્ણ રોજગારની પ્રાપ્તિ અને અસમાનતામાં સુધારો કરવો હોય તો તેની શરૂઆત મહિલાઓથી કરવી જોઈએ. મહિલાઓમાં આયોજનની કુદરતી સૂઝ સમજ હોય છે, જેનો લાભ માત્ર ગ્રામવિકાસ માટે કરી શકાય છે.

## ૨) આધુનિક યુગમાં મહિલાઓની સ્થિતિ

ભારત જેવા લોકશાહી દેશમાં મહિલાઓને સમાન અધિકારની ભૂમિકાએ બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયો હોવા છતાં અમુક સમાજ, વર્ગમાં, ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓના સર્વાંગી વિકાસ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. ગ્રામ વિસ્તારની કન્યાઓને ઉચ્ચશિક્ષણ મેળવવામાં આજે પણ મુશ્કેલી પડે છે. દહેજપ્રથા સદંતર નાબૂદ થઈ નથી. નોકરી , વ્યવસાય અર્થે જોડાયેલી મહિલાઓની આર્થિક સ્વતંત્રતા આજે પણ ઓછી છે. શહેરી વિસ્તારોમાં, આધુનિક સમયમાં મુક્ત જોવાં મળતી મહિલાઓની સર્વાંગી સ્વતંત્રતા આજે પણ દુર્લભ કહી શકાય એવો જ વિભાવ છે.

નગર, શહેરના વિવિધ કક્ષાના મહિલા મંડળો, મફત કાનૂની સહાય તથા મહિલા ઉત્કર્ષ માટેની સરકારી યોજનાઓ અને સ્વૈચ્છિક સંગઠનોની સક્રિયતાના કારણે મહિલાઓના સર્વાંગી વિકાસમાં ગતિ આવી છે. મહિલા સશક્તિકરણ અંગે વ્યાપક જાગૃતિ એ આધુનિક સમયનું આશ્વાસન છે.

## 3. સ્વસહાય જૂથોનો પરિચય અને ઇતિહાસ

### ૧)સ્વસહાય જુથ (Self-Help Group) નો અર્થ

સરળ ભાષામાં એક જૂથ બનાવી પોતાની જાતને મદદ કરવી તેને **(Self-Help Group)**કહેવાય છે

સમાન હેતુ પાર પાડવા સ્વેચ્છાએ ઊભું થયેલું મર્યાદિત સભ્યસંખ્યા ધરાવતું ગરીબ અને જરૂરિયાતમંદ વ્યક્તિઓનું એવું મંડળ કે જે સ્વ-બચત અથવા અન્ય સહાય દ્વારા જૂથના સભ્યોને સ્વાવલંબી બનાવવા, રોજગારી આપવા કે આર્થિક ખર્ચને પહોંચી વળવા ઉપયોગી થતું હોય એવા સમૂહને સ્વસહાય જૂથ કહેવામાં આવે છે.

સ્વ-સહાય જૂથ એટલે એક સરખી વિચારસરણીવાળા, એકસરખી પરિસ્થિતિવાળા, એક જ વિસ્તારમાં રહેતા અને સમાન ઉદ્દેશોને સિદ્ધ કરવા માટેનો ૧૫ થી ૨૦ વ્યક્તિઓનું એવું જૂથ જે બચતના માધ્યમ દ્વારા દર મહિને નિયમિત બચત કરે છે, દર અઠવાડિયે ભેગા મળી પોતાનો અને પોતાના ગામના વિકાસ માટેની ચર્ચા કરે છે તથા પ્રશ્નોના ઉકેલ લાવવા માટે કટીબધ્ધ બને છે.

આર્થિક વિકાસ માટે માનવશક્તિ ઉપરાંત જમીન, મૂડી, પાણી, વીજળી, બજાર જેવા પરિબળોની જરૂર રહેલી છે. ગ્રામીણ વિસ્તારમાં માનવશક્તિ પૂરતા પ્રમાણમાં છે, આ માનવશક્તિની સાથે-સાથે બીજા જરૂરી પરિબળો ગ્રામીણ વિસ્તારમાં જ ઉપલબ્ધ બને તો ગામડાનો વિકાસ ખૂબ જ જલદી કરી શકાય. આવા વિકાસ માટે જો ગ્રામીણ વિસ્તારમાં જ ગ્રામીણ બેંક હોય તો તેનો લાભ ગ્રામ્ય વિસ્તારને ખૂબ જ આસાની થી મળી રહે ,જેમ ગ્રામીણ વિસ્તારની બચત પણ ગ્રામીણ વિસ્તારના વિકાસનું પરિબળ બની શકે છે અને મહિલા સ્વસહાય જુથ વિકાસનો અભિન્ન અંગ બની શકે છે.

**૨)સ્વ-સહાય જૂથનો ઇતિહાસ**

સૌ પ્રથમ ગ્રામીણ બેંકની શરૂઆત બાંગ્લાદેશમાં ૧૯૭૫માં વિશ્વ વિખ્યાત અર્થશાસ્ત્રી પ્રો. મોહમ્મદ યુનુસે કરી હતી. જેઓ નોબલ ઇનામ વિજેતા છે તથા બાંગ્લાદેશમાં ચિત્તાગોંગ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર હતા.પ્રો મોહમ્મદ યુનુસે પોતાનું સમગ્ર ધ્યાન અને પ્રયત્નો સૂક્ષ્મ ધિરાણ વડે ગ્રામીણ વિકાસ ઉપર કેન્દ્રિત કરી ગ્રામીણ બેંકની રચના કરી, પ્રો. મોહમ્મદ યુનુસના બાંગ્લાદેશના પ્રયોગને વિશ્વભરમાં સ્વીકારી તેને સ્ત્રી સશક્તિકરણના પાયા તરીકે સ્વીકાર્યો છે. બાંગ્લાદેશમાં તેમણે સ્વસહાય જૂથો રચવાની પહેલ કરી તેને સંયુક્ત રાષ્ટ્રસંઘ સહિત બધી જ સંસ્થાઓએ આ મોડલ સ્વીકારી રોલ મોડલ તરીકે અપનાવ્યું હતું.

**4. સ્વસહાય જુથનું ભારતીય પરિદ્રશ્ય/મોડલ**

**૧)સ્વ- સહાય જૂથનું ભારતીય પરિદ્રશ્ય**

ભારત સરકારે સ્વ-સહાય જૂથની રચના દ્વારા પ્રો. મહંમદ યુનુસના પ્રયોગને સુધારેલા સ્વરૂપમાં અપનાવી છે. ગરીબી દૂર કે ઓછી કરવા માટે અને મહિલાઓમાં સશક્તિકરણ લાવવા માટે નવા અર્થતંત્રમાં લઘુ ધિરાણ ( maicrofinance)એક શક્તિશાળી સાધન તરીકે ઉભરી આવ્યું છે. લઘુ ધિરાણ (microfinance) ઉપલબ્ધતા સાથે સ્વ-સહાય જૂથો અને ધિરાણ સંચાલન જૂથો પણ ભારતમાં શરુ થયા છે અને આમ,સ્વ-સહાય જૂથોની કામગીરી પૂરા ભારતમાં પ્રસરી છે. ભારતમાં બેંકો લઘુ ધિરાણ વિતરણ (Micro Credit Delivery) માટે મુખ્ય સંસ્થા છે.

**૨)ભારતમાં સ્વ-સહાય જૂથનું મોડલ**

ભારતમાં SHGs સલગ્ન નાણાંકીય સંસ્થાઓના ત્રણ વિવિધ મોડેલો ઉભરી આવ્યા છે જેમકે

- બેંકો પોતે SHGs ની રચના કરે છે અને નાણાં રોકે છે.
- એન.જી.ઓ અને અન્ય એજન્સીઓ દ્વારા SHGs ની રચના કરવામાં આવે છે અને લઘુ ધિરાણ આપવામાં આવે છે.
- બેંકો એન.જી.ઓ અને અન્ય એજન્સીઓ સાથે નાણાં મધ્યસ્થી તરીકે SHGs માં નાણાં રોકે છે.

ભારતમાં બીજા નંબરનો મોડલ સૌથી લોકપ્રિય મોડલ છે. જેમાં લગભગ 72% SHGs આવે છે. પ્રથમ મોડલ હેઠળ 20% SHGs આવે છે, અને ત્રીજા મોડેલ હેઠળ 8% SHGs આવે છે.

**5. સખી મંડળની રચના (સ્વ-સહાય જુથ) /લાક્ષણિકતા**

સખીમંડળ સ્વસહાય જૂથની રચના વખતે નીચેના પગલાંઓને ધ્યાનમાં રાખવામાં આવે છે.

પગલું- ૧ સખીમંડળ માટે બચત બેંક ખાતુ ખોલાવવું

પગલું- ૨ સખીમંડળ દ્વારા આંતરિક ધિરાણનું સંચાલન

પગલું- ૩ સખીમંડળનું વર્ગીકરણ (ગ્રેડિંગ)

પગલું- ૪ સખી મંડળને બેંક દ્વારા ધિરાણને મંજૂરી

**6. મહિલા સશક્તિકરણમાં સખી મંડળનો ફાળો**

ગુજરાતમાં સખીમંડળ યોજનાની શરૂઆત 2007ના વર્ષથી થઈ હતી. જેનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને સશકત કરવાનો અને તેના આધારે ગામડાઓને સશકત કરવાનો છે. વિકાસની વાત કરવામાં આવે ત્યારે નક્કર હકીકત સ્વીકારવી પડે કે ગામડાઓના વિકાસ ઉપર જ રાષ્ટ્રના વિકાસનો આધાર રહેલો છે.ગામડાઓને ભાંગીને શહેરીકરણ કરવાનો અર્થ ઘડિયાળના કાંટા ઉંધા ફેરવવા જેવો છે, એટલે જ ગામડાઓને ભાંગતા રોકવા માટે ગ્રામીણ વિકાસ અતિ આવશ્યક છે.

સશકત મહિલા જ સશકત સમાજનું નિર્માણ કરી શકે છે. મહિલા સશક્તિકરણની યોજનાને વેગ આપવા માટે મહિલાઓને જીવનજરૂરી દરેક પાસાઓમાં આગળ પડતો ભાગ

ભજવવાની જરૂરીયાત રહેલી છે. જેના દ્વારા મહિલાઓનું સશક્તિકરણ થઈ શકે સશક્તિકરણ એટલે સારી રીતે જીવવું અને સશકત જીવન અંગેની પસંદગી કરવી. વિદેશની મહિલાઓની સરખામણીમાં ભારતીય મહિલાઓ હજુ ઘણી બધી બાબતોમાં પછાત છે અને તેમને શિક્ષણ, તાલીમ, સંગઠન અને આર્થિક સ્વાલંબી બનાવવાની અત્યંત આવશ્યકતાઓ છે.

**૧ ) સખીમંડળમાં ચાલતી રોજગારલક્ષી આર્થિક પ્રવૃતિ**

સખીમંડળની જ્યારે રચના થાય છે ત્યારે સખીમંડળના સભ્યો આર્થિક પ્રવૃત્તિ વિશે વિચારે છે.અને બધાને ફાવતી હોય તેવી આર્થિક પ્રવૃત્તિ કરે છે.જેમકે ભરતકામ, રંગાઈ કામ, વણાટકામ, સીવણકામ, પાપડ બનાવવા, અથાણું, સાબુદાણા, અને બટાકાની બનાવટ, ખાખરા, તથા વિવિધ ફરસાણ, ફળો અને શાકભાજી, મસાલા પિસવાનું તથા પેકિંગનું કાર્ય, પશુપાલન અને દૂધ વ્યવસાય, મરઘાઉછેર, તથા મત્સ્ય ઉદ્યોગ, રોપાછોડ ઉછેર, અગરબત્તી અને મીણબત્તીની બનાવટ, સાબુ તથા ધોવાનો પાવડર, કલાત્મક મૂર્તિઓ જાતજાતના રમકડાં, પક્ષીઓ વગેરે જેવી પ્રવૃત્તિ કરી મહિલાઓ સખીમંડળ દ્વારા રોજગારલક્ષી આર્થિક પ્રવૃત્તિ કરે છે.

આમ, ઉપર જણાવ્યા પ્રમાણે ઘણા વ્યવસાય છે. જે મહિલાઓને સખીમંડળના માધ્યમ દ્વારા રોજગારી પૂરી પાડે છે. આ તમામ વ્યવસાયના નાના કે ગૃહ ઉદ્યોગના સ્વરૂપે શરૂઆત કરી શકાય છે.જેનો ધીમે ધીમે વિકાસ થાય અને મહિલાઓ માટે આવક ઉપાર્જનનું સાધન બની શકે છે અને ઘણી બધી મહિલાઓ પોતાના પગ પર ઊભી થઈ છે.

**૨)સખીમંડળ દ્વારા મહિલાઓના સ્થાનમાં આવેલ પરિવર્તન**

ભારત દેશ પુરુષ પ્રધાન દેશ છે.એટલે કે પુરુષો જ ઘરની આર્થિક વ્યવસ્થા સંભાળવાની હોય છે. પરંતુ છેલ્લાં ઘણાં સમયથી મહિલા પણ પુરુષની જેમ આર્થિક વ્યવસ્થામાં આગળ આવી રહી છે અને સરકારે મહિલા ને આર્થિક રીતે પગભર બનાવવા માટે સખીમંડળ જેવી અનેક કલ્યાણકારી યોજના જાહેર કરી છે.સખીમંડળ દ્વારા મહિલાઓ અનેક આર્થિક પ્રવૃત્તિ કરી અને આવક કમાય છે. જેના કારણે તેમના આર્થિક અને સામાજિક જીવનમાં અનેક પરિવર્તન જોવા મળે છે. આજે સખી મંડળના કારણે અનેક મહિલાઓને આવક અને રોજગારી ઘરઆંગણેજ મળી રહે છે. તેથી સખીમંડળ દ્વારા મહિલાઓના આર્થિક અને સામાજિક દરજ્જામાં પરિવર્તન આવેલું જોવા મળે છે.

## 7. ઉપસંહાર

સખીમંડળ સાથે જોડાયેલ મહિલાઓની પોતાની ક્ષમતા વધારવા માટે સખી મંડળને પૂરતો સમય આપવા લાગી છે.મહિલાઓ સખી મંડળની રચના, ભૂમિકા, કાર્યપ્રણાલી, બેંકોની સાથેની કાર્યવાહી, બચત, ધિરાણ, આરોગ્ય, વિશેની જાણકારી અને સામાજિક ક્ષેત્રની જાણકારી મેળવી સાથે પોતાનામાં આત્મવિશ્વાસ ઊભો કરી અને કુટુંબને મદદરૂપ થવા લાગી છે. સખીમંડળના કારણે મહિલાઓમાં સશક્તિકરણ થઈ રહ્યું છે. આમ, સખીમંડળમાં જોડાયા પછી મહિલાઓમાં દરેક પાસાઓમાં પરિવર્તન આવેલું જોવા મળ્યું છે.

## 8. સંદર્ભ સૂચિ


1. દવે નેહલ.આર (૨૦૧૨) "સ્વસહાય જૂથોનો તેના સભ્યોના આર્થિક સામાજીક વિકાસમાં ફાળો"(બનાસકાંઠા જિલ્લાના સંદર્ભે)
2. સપના કે. રાવલ (૨૦૧૬) "એસ.એચ.જી અંતર્ગત સખીમંડળની સાથે જોડાયેલા બહેનોના આર્થિક પ્રશ્નો અને ભાવિ અંગેનો અભ્યાસ"(જૂનાગઢ જિલ્લાના સંદર્ભમાં)
3. રાજુભાઈ કે. ભુરીયા (૨૦૧૭) "સખીમંડળ દ્વારા આદિવાસી સ્ત્રી સશક્તિકરણનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ"
4. હીનાબેન એન.દરજી(૨૦૧૮) "ગુજરાતમાં સ્વસહાય જૂથો અને મહિલા સશક્તિકરણ ખેડા જિલ્લામાં સખી મંડળ નો એક અભ્યાસ"
5. www.ruraldev.gujarat.gov.in



**અનિલ કુમાર.આર.ડામોર**

**પીએચ.ડી સંશોધક (અર્થશાસ્ત્ર)**

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**

**Email :- damoranil277@gmail.com**